(૫૦)

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો. (૧૪)**

૧. સમ્મં **તિવિહેણં પડિક્કંતો વંદામિ જિણે** ચઉવ્વીસં

૨. **દેવસિય પાયચ્છિત વિશુદ્ધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં**

૩. પગામસિજ્જાએ **નિગામસિજ્જાએ સંથારા ઉવટ્ટણાએ પરિયટ્ટણાએ આઉટ્ટણ પસારણાએ** છપ્પઈ

૪. સાત **લાખ પૃથ્વીકાય સાત લાખ અપ્કાય સાત લાખ તેઉકાય સાત લાખ વાઉકાય** દશ લાખ

૫. ચાઉક્કલં **સજ્ઝાયસ્સ અકરણયાએ ઉભઓકાલં ભંડોવગરણસ્સ** અપ્પડિલેહણાએ

૬. સિરસાવત્તં **મત્થએ અંજલિ કટ્ટુ એવં વયાસી નમોત્થુણં** અરિહંતાણં

૭. ચઉવ્વિહં **પિ આહારં પચ્ચક્ખામિ અસણં પાણં ખાઈમં** સાઈમં

**(આ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો. (૭)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. પડિલાભેમાણે | **ભાવથી આપતો થકો** | ૨. થાપણમોસો | **થાપણ ઓળવવા સંબંધી જૂઠ** |
| ૩. સમ્મત્તસ્સ | **સમકિતના** | ૪. વણ કમ્મે | **વનના ઝાડો કાપવાના કાર્યો કરવા** |
| ૫. કાએણં | **કાયાથી** | ૬. એગવિહેણં | **એક જોગે** |
| ૭. પાવકમ્મોવએસં | **પાપકર્મોનો ઉપદેશ આપવાથી** | | |

**(ઇ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો. (૮)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. ત્યાં સુધી સમભાવમાં રહું | **પજ્જુવાસામિ** | ૨. કર્મ સંબંધી | **કમ્મઉય** |
| ૩. ભયને જીતનારા | **જિય ભયાણં** | ૪. પ્રાણોના વ્યતિપાતથી | **પાણાઈવાયાઓ** |
| ૫. ખીસાં કાતરી | **ગાંઠડી છોડી** | ૬. ધ્યાન વિના સૂત્રો ભણાયા હોય | **વચ્ચામેલિયં** |
| ૭. મૈથુન સેવવાના પ્રત્યાખ્યાન | | **અબંભના પચ્ચક્ખાણ** | |
| ૮. રૂપું તથા સોનાની જે મર્યાદા કરી હોય | | **હિરણ્ણ સુવણ્ણનું યથા પરિણામ** | |

**(ઈ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૬)**

૧. પરપાખંડીના ધર્મમાં શું થાય છે? તેનો પરિચય કોણે ન કરવો જોઈએ? હિંસાથી જીવને શું મળે છે?

**જ. આડંબર, પૂજા કે ચમત્કારમાં છકાય જીવોની હિંસા થાય છે. મોક્ષપ્રાપ્તિની ઈચ્છાવાળાઓએ. હિંસાથી અશાતા અને દુર્ગતિ જ મળે છે.**

૨. અચૌર્ય વ્રતના પાલનથી કયા ગુણો પ્રાપ્ત થાય છે?

**જ. લોકોને વિશ્વાસપાત્ર થાય, સ્નેહીજન પ્રેમાળ મળે, યશકીર્તિ મળે, નિર્ભયતા આદિ ગુણો મળે.**

૩. સાધુ–સાધ્વીને અપાતું દાન શું કહેવાય? તે સિવાય કોને દાન આપી શકાય? કરણ કોટિ વગરનું વ્રત કયું?

**જ. સુપાત્રદાન. પ્રતિમાધારી શ્રાવક, વ્રતધારી શ્રાવક અને સ્વધર્મીને પણ દાન આપી શકાય. તે સિવાય બીજાને અપાતું દાન અનુકંપા દાન છે. કરણ કોટિ વગરનું બારમું વ્રત છે.**

૪. મહાવ્રતધારી અને અણુવ્રતધારીના ગુણસ્થાન કયા? તેમને કેટલું જ્ઞાન હોય છે ?

**જ. મહાવ્રતધારીના ગુણસ્થાન ૬ થી ૧૪. તેમને જઘન્ય અષ્ટ પ્રવચન (૫ સમિતિ, ૩ ગુપ્તિ) નું જ્ઞાન હોય છે. અણુવ્રતધારીનું ગુણસ્થાન ૫ મું. તેમને નવ તત્ત્વનું જ્ઞાન અને શ્રદ્ધા હોય છે. જઘન્ય નવકારશી વ્રત કરતા હોય છે.**

૫. કર્માદાન કોને કહે છે? તે કેટલા છે? કયા વ્રતમાં છે? પૌષધ વ્રત એટલે શું?

**જ. જે ધંધા અને કાર્યમાં વિશેષ હિંસા આદિ કારણોથી કર્મોનો વિશેષ બંધ થાય છે, તે કર્માદાન. તે ૧૫ છે, તે સાતમા વ્રતમાં છે.**

**પૌષધ વ્રત એટલે જ્ઞાન, દર્શન અને ચારિત્ર વડે આત્માને પોષણ આપવું તે.**

૬. પાપનું કારણ શું છે? તેને માટે જીવ શું કરે છે? તે વ્રતના અતિચાર કેટલા છે? કેટલી કોટિ છે?

**જ. પરિગ્રહ, જીવહિંસા, સાચું–ખોટું, કાવાદાવા, ચોરી વગેરે કરીને જીવ પાપ વધારે છે. તે વ્રતના અતિચાર પાંચ છે, તે વ્રતની કોટિ ત્રણ છે.**

૭. પ્રતિક્રમણ શેનું કરવામાં આવે છે? બે વખત પ્રતિક્રમણ કરવાથી શું લાભ થાય છે?

**જ. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને અશુભ યોગનું પ્રતિક્રમણ કરવામાં આવે છે. બે વખત પ્રતિક્રમણ કરવાથી વ્રતમાં લાગેલા દોષોનું નિવારણ થાય છે, વ્રતોની શુદ્ધિ થાય છે. ઉત્કૃષ્ટ રસ આવે તો તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરે છે.**

૮. છટ્ઠા વ્રત અને દશમા વ્રતમાં શું ફરક છે?

**જ. છટ્ઠા વ્રતમાં દિશાની મર્યાદાના જાવજ્જીવના પચ્ચક્ખાણ કરવામાં આવે છે અને દશમા વ્રતમાં એક દિવસ એક રાત્રિ માટે દિશા અને ભોગ–ઉપભોગની મર્યાદા કરવામાં આવે છે.**

**(ઉ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૫)**

૧. ધર્મધ્યાનની અનુપ્રેક્ષા અર્થ સાથે લખો. (૩)

**જ. એગચ્ચાણુપ્પેહા – જીવ એકલો આવ્યો છે અને એકલો જશે એનો વિચાર કરવો.**
**અણિચ્ચાણુપ્પેહા – સંસારની અનિત્યતાનો વિચાર કરવો.**
**અસરણાણુપ્પેહા – સંસારમાં કોઈ કોઈનું શરણ નથી એનો વિચાર કરવો.**
**સંસારાણુપ્પેહા – સંસારની સ્થિતિ–દશાનો વિચાર કરવો.**

૨. ઊર્ધ્વલોકનું વર્ણન કરો. સિદ્ધક્ષેત્ર ક્યાં છે? (૨)

**જ. તિર્છાલોકથી અસંખ્યાતગુણો અધિક મોટો ઊર્ધ્વલોક છે. તેમાં ૧૨ દેવલોક, ૯ ગ્રૈવેયક અને ૫ અનુત્તર વિમાન છે. જે સર્વ મળી કુલ ૮૪,૯૭,૦૨૩ વિમાન છે. તેની ઉપર લોકાગ્રે સિદ્ધક્ષેત્ર છે.**

**(30)**

**પ્ર.૨ (અ) ૩૫ બોલના આધારે લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૬)**

૧. ગુણસ્થાન કેટલા છે? ૬ થી ૧૦ ના નામ લખો.

**જ. ૧૪. ૬) પ્રમત્ત સંજતિ ૭) અપ્રમત્ત સંજતિ ૮) નિવૃત્તિ બાદર ૯) અનિવૃત્તિ બાદર ૧૦) સૂક્ષ્મ સંપરાય**

૨. ધ્યાન અને ભાવના એટલે શું? તે કેટલા છે?

**જ. ધ્યાન – કોઈપણ એક જ વસ્તુ ઉપર મનની એકાગ્રતા કરવી. તે ચાર છે.**
**ભાવના – જેમાં આત્માના પ્રશસ્ત ભાવો પ્રગટ થાય. તે ૧૨ છે.**

૩. આકાશાસ્તિકાયના બોલ લખો.

**જ. દ્રવ્યથી એક, ક્ષેત્રથી લોકાલોક પ્રમાણે, કાળથી અનાદિ અનંત, ભાવથી અરૂપી, ગુણથી અવગાહના દાન (જગ્યા આપવી.)**

૪. નિક્ષેપાના નામ લખો. ૧,૪,૫ ચારિત્રના નામ લખો.

**જ. નિક્ષેપા – નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ.**
**ચારિત્ર – ૧) સામાયિક ચારિત્ર ૪) સૂક્ષ્મ સંપરાય ચારિત્ર ૫) યથાખ્યાત ચારિત્ર.**

૫. નય એટલે શું? પર્યાપ્તિના નામ લખો.

**જ. પ્રત્યેક પદાર્થના અનેક ધર્મ છે તેના અંશ (ગુણ કે પર્યાય) જ્ઞાનને નય કહે છે.**
**પર્યાપ્તિ – આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા, મન.**

૬. ભાવ પ્રાણ કેટલા છે? ૪ થી ૮ રસના નામ લખો.

**જ. ભાવ પ્રાણ ચાર છે.**
**રસના નામ – ૪) હાસ્ય રસ ૫) રૌદ્ર રસ ૬) ભયાનક રસ ૭) અદ્ભૂત રસ ૮) બિભત્સ રસ.**

૭. માત્ર સંખ્યા લખો – કાય – **૬** આત્મા – **૮** દૃષ્ટિ – **૩** શ્રાવકના ગુણ – **૨૧**

૮. નવમે, તેરમે, ત્રેવીસમે અને બત્રીસમે બોલે શું? બોલનું માત્ર નામ લખો.

**જ. નવમે બોલે – ઉપયોગ બાર, તેરમે બોલે – મિથ્યાત્વ પચ્ચીસ પ્રકારના, ત્રેવીસમે બોલે – સાધુના પાંચ મહાવ્રત તેના ભાંગા ૨૫૨, બત્રીસમે બોલે – તત્ત્વ ત્રણ.**

**(૨) જોડકા જોડો. (૪)**

| (અ) | (બ) | જવાબ |
|---|---|---|
| ૧. શ્રદ્ધાવંત | ૧. જીવ | **૫. શ્રાવકના ગુણ** |
| ૨. વૈક્રિય | ૨. પ્રમાણ | **૩. શરીર** |
| ૩. કર્મ | ૩. શરીર | **૮. સમવાય** |
| ૪. ચૈતન્ય ગુણ | ૪. ઈન્દ્રિય | **૧. જીવ** |
| ૫. ઉપમાન | ૫. શ્રાવકના ગુણ | **૨. પ્રમાણ** |
| ૬. વચન | ૬. યોગ | **૭. સંવર** |
| ૭. ચક્ષુરિન્દ્રિય | ૭. સંવર | **૪. ઈન્દ્રિય** |
| ૮. વૈક્રિય મિશ્ર | ૮. સમવાય | **૬. યોગ** |

**(આ) સંસ્કાર વિભાગના આધારે લખો. (૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૬)**

૧. ફટાકડા ફોડવાથી સ્થાવરના જીવોનું શું થાય?

**જ. સળગતા ફટાકડા માટી પર પડતા પૃથ્વીકાયની, પાણીના ટાંકા, પીપ કે ગટર પર પડવાથી અપ્કાયની, બળવાથી અગ્નિકાયની, હવાને અગ્નિ લાગવાથી વાયુકાયની, ઝાડ કે ઘાસ પર પડવાથી વનસ્પતિકાયની હિંસા થાય છે.**

૨. ધર્મ કોને કહે છે? જૈનધર્મ કોણે બતાવેલો છે? તેઓ કેવા છે?

**જ. વસ્તુના સ્વભાવને ધર્મ કહે છે. જૈનધર્મ કેવળજ્ઞાનીઓએ બતાવેલો છે, તેઓ રાગ–દ્વેષ રહિત અને ત્રણે કાળના સર્વ ભાવોને જાણનાર હોય છે.**

૩. ખુશામત કેવી છે? પ્રશંસા કોને કહે છે? પ્રશંસા કરવાથી શું મળે છે?

**જ. ખુશામત હંમેશાં સ્વાર્થ ભરેલી અને અપ્રામાણિક હોય છે. સામી વ્યક્તિમાંથી સાચા ગુણો શોધી કાઢીને તેના વખાણ કરવા તે પ્રશંસા. પ્રશંસા કરવાથી સાચા મિત્રો મળે છે.**

૪. ટી.વી. જોવાથી શેની બરબાદી થાય છે? શેના પર ધ્યાન દેવાતું નથી? જીવ ક્યાં જાય છે? શા માટે?

**જ. ટી.વી. જોવાથી સમયની બરબાદી થાય છે. જૈનશાળાના તથા નિશાળના અભ્યાસ પર ધ્યાન દેવાતું નથી, તેથી જ્ઞાનમાં બાધા પડે છે. જીવ દુર્ગતિમાં જાય છે કારણ કે સાચા સંસ્કારના અભાવ હોય છે.**

**(૨) ખાલી જગ્યા પૂરો. (૪)**

| | જવાબ |
|---|---|
| ૧. અન્ય ધર્મ ...... અને ...... ને માને છે. | **નરક, સ્વર્ગ** |
| ૨. દ્વેષના કારણથી ...... અને ...... આવે છે. | **ક્રોધ, અભિમાન** |
| ૩. ફટાકડા ફોડવાથી ...... નો નાશ થાય છે અને ...... નો બંધ થાય છે. | **પુણ્ય, પાપ** |
| ૪. ગુસ્સાના ...... થી ગુસ્સો કરનારને ...... થાય છે. | **આવેશ, નુકસાન** |

(૧૦)

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

**(અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૬)**

૧. કબૂતરને બચાવવા મેઘરથ રાજાએ શું કર્યું? (૨×૨)

**જ. રાજા મેઘરથે પોતાના હાથેથી પોતાનું માંસ કાપીને ત્રાજવામાં મૂકવા લાગ્યા, પરંતુ કબૂતરનું પલ્લું ઊંચું થયું જ નહિ. તેઓ છરાથી પોતાનું માંસ કાપીને મૂકતા જતા હતા. આમ, શરીરના કેટલાય ભાગોનું માંસ કાપી**

**કાપીને મૂકી દીધું. અંતે પોતે જ આખા ત્રાજવામાં બેસી ગયા.**

૨. રોહિણેય ક્યાં રહેતો હતો? તે શું ધંધો કરતો હતો? કોની પાસે શીખ્યો? તેણે પિતાને શું વચન આપ્યું હતું?

**જ. વૈભારગિરિ પર્વતની ગુફામાં રહેતો હતો. ચોરીનો ધંધો કરતો હતો. પોતાના પિતા પાસે શીખ્યો હતો. તેણે પિતાને વચન આપ્યું હતું કે પોતે મહાવીર પ્રભુની વાણી કદી પણ નહિ સાંભળે.**

૩. ભદ્રા માતાએ રત્નકંબલનું શું કર્યું? (૧×૨)

**જ. રત્નકંબલો ઓછી હોવાથી શાલિભદ્રની ૩૨ પત્નીઓને અડધા ટુકડા કરીને પગલૂછણિયા તરીકે વાપરવા આપી દીધી.**

૪. ધર્મરુચિ અણગાર કઈ તપશ્ચર્યા કરતા હતા?

**જ. માસક્ષમણના પારણે માસક્ષમણની અતિ કઠોર તપશ્ચર્યા કરતા હતા.**

**(આ) કોણ બોલે છે અને કોને કહે છે? (૪)**

| | **જવાબ** |
|---|---|
| ૧. મને તે ધર્મ પ્રત્યે રુચિ અને શ્રદ્ધા થઈ છે. | **શાલિભદ્ર માતા ભદ્રાને કહે છે.** |
| ૨. કબૂતરનું પલ્લું ભારે કેવી રીતે રહે? | **મંત્રી રાજા મેઘરથને કહે છે.** |
| ૩. તેની પાસેથી કાંઈ મળ્યું નથી. | **કોટવાળ અભયકુમારને કહે છે.** |
| ૪. શાક જોશે તો મારી મશ્કરી કરશે. | **નાગશ્રી બ્રાહ્મણી મનમાં વિચારે છે.** |

**(૧૦)**

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

| | **જવાબ** |
|---|---|
| ૧. આવેલ ........ અતિ. | **પાના નં. ૧૩૪ કડી ૧૩** |
| ૨. મેં ચિત્તથી ......... એળે ગયું. | **પાના નં. ૧૩૪ કડી ૧૮** |
| ૩. ગુરુવાણીમાં ......... કેમ કરી? | **પાના નં. ૧૩૫ કડી ૨૨** |
| ૪. એકસો ને ......... ક્રોડ. | **પાના નં. ૧૩૬ કડી ૪/૫** |
| ૫. શ્રી જિન ......... પરિવાર. | **પાના નં. ૧૩૬ કડી ૧૨/૧૩** |

**જય – જિનેન્દ્ર**